(૧૬) અરજદાર શાળાનાં અધિકૃત અધિકારી તરફથી પત્ર લખી જણાવવામાં આવે છે. કે, પ્રાયમરી વિભાગમાં રૂ.૧,૨૫,૦૦૦/- સેકન્ડરી વિભાગમાં રૂ.૧,૩૬,૦૦૦/- તેમજ હાયર સેકન્ડરી વિભાગમાં રૂ.૧,૪૬,૦૦૦/- ની ફી મંજૂર કરવામાં આવેતો વાંધો નથી. વધુમા જણાવવામાં આવે છે કે, તેમના તમામ કર્મચારીઓને સાતમાં પગાર પંચ પ્રમાણે પગારની ચૂકવણી કરનાર છે. અરજદાર શાળાની રજૂઆત ફી રીવીઝન કમીટીના સૂચન ધ્યાને રાખતા અરજદાર શાળાની સૂચિત માંગણી મુજબની ફી મંજૂર કરવી તેઓના ઓડીટ હિસાબોની હકીકત ધ્યાનમાં રાખતા ન્યાયી અને વ્યાજબી હોવાનુ ફલીટ થતુ હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

//હુ ક મ//

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માગણી | ફી નિયમન સમિતિ ધ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. | ફી નિયમન સમિતિ ધ્વારા રીમાન્ડ બાદ નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | સને ૨૦૧૯-૨૦. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. | સને ૨૦૨૧-૨૨. |
| (૧) | ૧. | અંગ્રેજી | ૫૬ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૨) | ૨. | અંગ્રેજી | ૬૧ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૩) | ૩. | અંગ્રેજી | ૬૮ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૪) | ૪. | અંગ્રેજી | ૬૪ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૫) | ૫. | અંગ્રેજી | ૬૩ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૬) | ૬. | અંગ્રેજી | ૬૬ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૭) | ૭. | અંગ્રેજી | ૫૯ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૮) | ૮. | અંગ્રેજી | ૬૫ | રૂા.૧,૪૯,૧૦૦/- | રૂા.૧,૧૧,૦૦૦/- | રૂા.૧,૨૭,૦૦૦/- |
| (૯) | ૯. | અંગ્રેજી | ૬૯ | રૂા.૧,૭૬,૦૦૦/- | રૂા.૧,૩૬,૦૦૦/- | રૂા.૧,૩૮,૦૦૦/- |
| (૧૦) | ૧૦. | અંગ્રેજી | ૬૫ | રૂા.૧,૭૬,૦૦૦/- | રૂા.૧,૩૬,૦૦૦/- | રૂા.૧,૩૮,૦૦૦/- |
| (૧૧) | ૧૧ જનરલ | અંગ્રેજી | ૫૬ | રૂા.૧,૯૯,૦૦૦/- | રૂા.૧,૫૧,૦૦૦/- | રૂા.૧,૪૮,૦૦૦/- |
| (૧૨) | ૧૨ જનરલ | અંગ્રેજી | ૪૯ | રૂા.૧,૯૯,૦૦૦/- | રૂા.૧,૫૧,૦૦૦/- | રૂા.૧,૪૮,૦૦૦/- |

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૧-૨૨ ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થી અને તેના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે. પરંતુ ફી ભરવામાં થયેલ વિલંબ અંગે શાળા વાલી પાસેથી બેન્ક રેટના દર કરતાં વધુ રકમ પેનલ્ટી તરીકે વસુલ કરી શકશે નહિ.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૧-૨૨ ના વર્ષમાં આ હુકમમાં દર્શાવેલ ફી કરતાં વધુ ફી ભરી હશે તો તેઓને શાળાએ મજરે આપવાની રહેશે પરંતુ વિદ્યાર્થી/વાલીએ હુકમ દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હોય તો શાળાને બાકી ફીની રકમ વસુલ આપવાની રહેશે.